**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૨૪ ટકા

# શહેરમાં મહાશિવરાત્રીએ ચાર પ્રહરની પૂજા

## ૧,૦૮,૮૬૪ પાર્થિવ લિંગની એક સાથે રામકથા મેદાન ખાતે પૂજા થશે

ગાંધીનગર, તા.૧૮
વિશ્વ કલ્યાણ શાંતિના ઉદ્દેશ્યથી લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફોર્ટ દ્વારા મહાશિવરાત્રીના ચાર પ્રહરની પૂજાનું આયોજન તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ સે-૧૧ સ્થિત રામકથા મેદાન ખાતે કરવામાં આવ્યું છે. આ નિઃશુલ્ક પૂજામાં સવા લાખ રુદ્રાક્ષના શિવલીંગ તથા ૧૨ જયોર્તિલીંગના દર્શન તા. ૨૧ અને ૨૨ ફેબ્રુઆરી દરમિયાન શહેરીજનો કરી શકશે. આ ઉપરાંત આ પૂજામાં બેસવા માંગતા શહેરીજનો સંસ્થામાં નામ નોંધાવી શકશે. આ પૂજામાં ૧૦૦૮ વ્યકિતઓ બેસશે જયાં વ્યકિતદીઠ પાટલા પર ૧૦૮ પાર્થિવ લીંગ હશે.

સતયુગમાં દેવો મુસિબતમાં હોય ત્યારે મહાદેવને શરણે જતા અને હાલચાલતા કળયુગમાં વિશ્વ પર, દેશ પર, દેશના શહિદ પર અને પોતાના પર સંકટ ન આવે તે ઉદ્દેશ્યથી શહેરની સંસ્થા લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા મહાશિવરાત્રીની રાત્રિએ ચાર પ્રહરની પૂજા યોજાશે. સૌ શિવભકતોને ૨૧ ફેબ્રુઆરીએ સાંજે ૫.૪૫ વાગ્યે રામકથા મેદાનના રજીસ્ટ્રેશન કાઉન્ટર પરથી પાટલા નંબર મળશે અને સાંજે ૬.૧૫ થી ૭.૧૫ દરમિયાન સ્ટેજ પ્રોગ્રામ યોજાશે. જેમાં શહેરના અગ્રણીઓ હાજર રહેશે. સાંજે ૭.૩૦ કલાક બાદ પંડિતની ટીમ દ્વારા પૂજાની શરૂઆત કરાશે. આ પૂજામાં કુલ ૫૧ પંડિત તથા વ્યાસપીઠ પર અખિલેષ પુરોહિત અને અનિલભાઈ દવે દ્વારા પૂજા કરાવાશે. પ્રત્યેક વીસ વ્યકિત વચ્ચે ૧ પંડિત પૂજા કરાવશે.

કુલ ચાર પ્રહરની પૂજામાં એક પ્રહર બાદ ફ્રેશ થવા માટે વિરામ આપવામાં આવશે. દરેક પ્રહરની પૂજામાં શિવભકતો મંત્રોચ્ચાર, ઈષ્ટદેવને પ્રાર્થના, શિવચાલીસા, કુળદેવતા-કુળદેવી, ગુરૂ મહારાજની સ્તુતિ કરશે. સીનિયર સિટીઝન કે ઘુંટણની તકલીફ હોય તેવા ભકતો ખુરશીમાં બેસીને જપ-માળા-પૂજા કરી શકશે.



આ પૂજાની પુર્ણાહુતિ ૨૨ તારીખે સવારે ૫.૩૦ થી ૬.૦૦ કલાક સુધીમાં થશે. ત્યારબાદ પૂજામાં બેસનાર સર્વેએ રસ્તામાં આવતા મહાદેવના મંદિર જઈ શિવજીના દર્શન કરશે.

આ સંસ્થાના પ્રેસિડન્ટ લાભશંકર જોષીના જણાવ્યા અનુસાર મિત્રો સાથે શિવરાત્રી પૂજામાં બેસવું હોય તો ભીડમાં સ્થાન નહતું મળતું અને ગાંધીનગરના શિવમંદિરમાં ગર્ભગૃહ નાના હોવાથી પૂજા થતી નથી. આ ઉપરાંત ચાર પ્રહરની પૂજામાં બેસવું હોય તો ખર્ચા થાય અને દરેક વ્યકિતને તે ન પણ પોસાય માટે મેં મારા સ્નેહીજનો અને શહેરીજનો માટે સંસ્થા વતી મહાશિવરાત્રીએ ચાર પ્રહર પૂજાનું આયોજન દરેક માટે નિઃશુલ્ક કર્યું છે. આ પૂજાનો મુખ્ય ઉદ્દેશ શાંતિ અને કલ્યાણ છે. મહાદેવને કરેલી વિનવણી ફળે છે એમ માની ખાસ વિશ્વને પડતી દરેક મુશ્કેલીમાંથી સર્વેને ઉગારવા આ પૂજા યોજાનાર છે. અમારી સંસ્થામાં સચિવાલય અને સંલગ્ન કચેરીઓમાંથી નિવૃત્ત થયેલા કર્મચારીઓને સાથે રાખી આ કાર્ય હાથ ધરાયું છે. શિવપૂજામાં ૧ વ્યકિતના પાટલા ઉપર ૧૦૮ પાર્થિંગ લિંગ હશે એવા ૧૦૦૮ પાર્થિવ લીંગની એક સાથે એક સ્થળે જાહેર સ્થળમાં પૂજા થશે અને રાત્રે ૧૨.૩૦ વાગ્યે મહાયજ્ઞ થશે. અહીં સવા લાખ રૂદ્રાક્ષનું શિવલીંગ તથા ૧૨ જયોર્તિલીંગના દર્શન જાહેર જનતા માટે તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ સવારથી જ ખુલ્લા મુકવામાં આવશે. આ પૂજામાં ફકત પૂજાપો જ ઘરેથી લાવવાનો રહેશે બાકી દરેક સામગ્રી પૂજા સ્થળે જ મળશે. દર્શનાર્થીઓ માટે ફરાળી પ્રસાદની વ્યવસ્થા દિવસ દરમિયાન કરવામાં આવી છે. પૂજામાં બેસનાર વ્યકિત સિવાય પૂજાનો લાભ લેવા માંગતા શહેરીજનો માટે પૂજા સ્થળે વ્યવસ્થા કરવામાં આવી છે. ગાંધીનગરના ધર્મ પ્રેમી નાગરિકોને ભગવાન શિવના પાર્થિવલિંગ બનાવવાની સેવાનો લાભ લેવો હોય તો તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ સવારે ૬થી બપોરે ૨ વાગ્યા સુધી રામકથામાં આવી શકે છે. આ પૂજા સમાપ્ત થયા બાદ દરેક શિવલિંગ અને પૂજા સામગ્રી નદીમાં પ્રવાહિત કરવામાં આવશે. આ પૂજાનો લાભ લેવા ઈચ્છુકને ૯૮૯૮૩૫૮૭૫૭ પર સંપર્ક કરવા તથા આ પૂજાનો લાભ લેવા શહેરીજનોને સંસ્થા દ્વારા જણાવાયું છે.

# સમદર્શન આશ્રમમાં શિવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી કરાશે

**૨૦મી એ ડો. જયંતી રવિનું નામ સંકિર્તન યોજાશે : ૨૧મી એ કૃપાનિધિ મહાદેવની મહાપૂજા**

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગરના સેકટર-૧માં સ્થિત સમદર્શન આશ્રમમાં શ્રી કૃપાનિધિ મહાદેવના સાનિધ્યમાં શિવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી કરાશે. તા. ૨૦ અને ૨૧ ફેબ્રુઆરી દરમિયાન વિશેષ કાર્યક્રમો, મહાપૂજા અને ભાવપૂર્ણ પૂજા-અર્ચનાનું આયોજન કરાયું છે.

શિવરાત્રિની પૂર્વ સંધ્યાએ તા. ૨૦મી ફેબ્રુઆરીને ગુરૂવારે સાંજે ૭.૦૦ વાગ્યે ગુજરાતનાં વરિષ્ઠ સનદી અધિકારી અને સુજ્ઞ ગાયક ડો. શ્રીમતી જયંતી રવિ અને ગૃપ નામ સંકિર્તન પ્રસ્તુત કરશે.

શિવરાત્રીએ તા. ૨૧મી ફેબ્રુઆરીને શુક્રવારે સવારે ૬.૦૦ વાગ્યાથી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી શ્રી કૃપાનિધિ મહાદેવના મંદિરમાં ઓમ નમઃ શિવાયની અખંડ ધૂન યોજાશે. સાંજે ૫.૦૦ વાગ્યાથી શ્રી કૃપાનિધિ મહાદેવનો એકાદશ દ્રવ્યોથી અભિષેક કરાશે. ત્યારબાદ શ્રુંગાર અને સહસ્ત્ર નામ અર્ચના થશે. આરતી બાદ ભજન-કિર્તન યોજાશે.

પવિત્ર સમદર્શન આશ્રમના પ્રવેશદ્વારે જ ભગવાન શ્રી કૃપાનિધિ મહાદેવનું સુંદર - સ્વચ્છ - સુઘડ શિવાલય સ્થિત છે. ૧૨ વર્ષ પહેલાં આ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા યોજાઈ હતી. મહાદેવની પ્રતિષ્ઠાને ૧૨ વર્ષ પૂર્ણ થતાં સમદર્શન આશ્રમ દ્વારા પૂ. ગુરુમા સમાનંદ સરસ્વતીજી ના શ્રીમુખેથી શ્રીમદ ભાગવત કથા યોજાઈ અને એ ઉપરાંત પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. શિવરાત્રિના બે દિવસના મહોત્સવનો લાભ લેવા પધારવા ગાંધીનગરના તમામ ભાવિક ભકતોને સમદર્શન આશ્રમ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.


# એશિયન હાથીના સંરક્ષણ માટે સઘન ચર્ચા વિચારણા યોજાઈ

**મહાત્મા મંદિરે આજે ૧૩ જેટલાં સાઉથ - ઈસ્ટ એશિયાનાં દેશોની સરહદ પર સ્થળાંતર કરતાં એશિયન હાથીના સંરક્ષણ માટે વિચાર - વિમર્શ કરવામાં આવ્યો : હાલ ભારતમાં ૩૦ હજાર જેટલા હાથી**

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સમાં ભારત સહિત સાઉથ એશિયાનાં ૧૩ દેશોમાં સ્થળાંતર કરતાં એશિયન હાથીના સંરક્ષણ માટે આજે સઘન ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં હાથી અને જંગલ બચાવવા માટે વિવિધ દેશો સાથે થયેલાં સમજૂતી કરાર અંગે વિસ્તૃત જાણકારી આપવામા આવી હતી.

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે છેલ્લા ચાર દિવસથી સ્થળાંતર કરતાં પ્રાણીઓનાં રક્ષણ માટે આંતર રાષ્ટ્રીય કોન્ફરન્સ ચાલી રહી છે. જેમાં આજે ૧૩ જેટલાં સાઉથ - ઈસ્ટ એશિયાનાં દેશોની સરહદ પર સ્થળાંતર કરતાં એશિયન હાથીના સંરક્ષણ માટે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ અંગે એશિયન એલિફંટ સ્પેશિયાલિસ્ટ ગ્રુપના પ્રોજેક્ટ મેનેજર સંદિપ તિવારીએ કહ્યું કે, વિશ્વમાં એશિયન અને આફ્રિકન એમ બે પ્રકારના હાથી છે. જેમાં ભારતમાં એશિયન હાથીની ત્રણ પ્રજાતિમાં મળીને અંદાજે ૨૯,૯૦૦થી વધુ હાથી છે.

ભારતની સરહદ પર આવેલાં બાંગ્લાદેશ, મ્યાનમાર, ભૂતાન, નેપાળ તેમજ થાઈલેન્ડ, વિયેતનામ, સુમાત્રા, ઈન્ડોનેશિયા વગેરેમાં હાથી સ્થળાંતર કરતા રહે છે. જો હાથીનું ઝૂંડ એક જ જગ્યાએ રહી ખોરાક લે તો જંગલોનો વિનાશ થવાનો ભય રહે છે.



આથી સ્થળાંતર કરતાં હાથીના સંરક્ષણ માટે ૧૩ દેશોની સરકાર સાથે સમજૂતી કરારના પ્રયાસ થઈ રહ્યો છે. આજે યોજાયેલી કોન્ફરન્સમાં કેન્દ્રનાં પર્યાવરણ, વન અને કલાઈમેંટ ચેન્જ મંત્રાલયનાં પ્રોજેકટ એલિફંટના ડાયરેકટર નોયલ થોમસ, વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના સીઈઓ વિવેક મેનન, બાંગલાદેશના રીકૂબિલ અમીન તેમજ ભુતાનના સોનમ વાંગડીએ હાથીના સંરક્ષણ માટે અસરકારક માર્ગદર્શન આપ્યું હતું.

# છાલા ખાતે મેગા આયુર્વેદ-હોમિયોપેથી નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૯
આજ રોજ ગાંધીનગર જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા તાલુકાના છાલા મુકામે આયુર્વેદ અને હોમિયોપેથી મેગા નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો જેમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન શનાભાઈ ચૌધરી, જિલ્લા પંચાયત સદસ્ય અરવિંદ સિંહ સોલંકી, શિક્ષણ સમિતિના ચેરમેન કીર્તિબેન પટેલ, આયુષ વિભાગની કચેરીના નિયામક વૈદ્ય ભાવનાબેન પટેલ, તાલુકા સદસ્ય લાલજીભાઈ પટેલ, છાલા ગામના સરપંચ ચંચળબેન પટેલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર શાળાના અધિક્ષક ડોક્ટર અનુજ જૈન અને ગામના અગ્રણીઓના હસ્તે દિપ પ્રાગટ્ય કરી કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે વૈવિધ્ય અગ્નિકર્મ દ્વારા સાંધાના રોગોના ૧૪૪ દર્દીને સારવાર અને ૪૮ દર્દીને અગ્નિકર્મ કરવામાં આવ્યું હતું તેમજ તબીબોએ આંખ, નાક, કાન અને ગળાના ૧૦૨ દર્દીઓને તપાસ્યા તથા ૨૭ દર્દીઓમા દંતોત્પાટન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્ત્રીરોગના ૨૭, બાલરોગના ૪૪, સ્થૌલ્યના ૨૯,



મધુમેહના ૩૨, હોમિયોપેથી જનરલ ઓપીડીના ૨૪૨ અને આયુર્વેદ જનરલ ઓપીડીના ૩૧૭ દર્દી મળી કુલ ૯૩૭ દર્દીઓએ સારવાર મેળવેલ હતી. આ પ્રસંગે સામૂહિક આરોગ્ય કેન્દ્ર છાલાના કર્મીઓ અને ગ્રામજનો તરફથી બહોળો સહકાર અને પ્રતિસાદ મળ્યો હતો.

ધારાસભ્ય શંભુજી ઠાકોરે નાગરિકોને સ્વસ્થ રહેવા આયુર્વેદિય જીવનશૈલી અપનાવવા જણાવ્યું હતું તથા જિલ્લા પંચાયતના પ્રમુખ મંગુબેને આયુર્વેદ અને હોમિયોપેથી સારવારની આડઅસર નહિવત હોઈ આ સારવાર લેવા લોકોને પ્રોત્સાહન આપ્યું હતું. આ પ્રસંગે વૈદ્ય ભાવનાબેન પટેલે દર્દીઓને નજીક ના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાની મુલાકાત લઈ રોગ થાય એ પહેલા જ આયુર્વેદ અને હોમિયોપેથી નિષ્ણાંત ડોકટરની સલાહ લેવા જણાવ્યું હતું.



હજુ ફેબ્રુઆરી માસ અડધો પૂર્ણ થયો છે ત્યાં ગરમીએ પોતાનો ઉગ્ર મિજાજ બતાવવો શરૂ કરી દીધો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં છેક ફેબ્રુઆરી માસના અંત સુધી ઠંડી જળવાઈ રહેલી જોવા મળી હતી. ઉનાળો તો છેક માર્ચ મહિનામાં અનુભવાતો હતો પરંતુ આ વર્ષે ગરમી થોડાક દિવસ વહેલી શરૂ થઈ ચૂકી છે.દિવસે દિવસે તડકો આકરો બની રહ્યો છે અને દિવસ લાંબો થઈ રહ્યો છે. ઉનાળાના પ્રારંભે જ તેની જનજીવન પર અસર વર્તાવી શરૂ થઈ ચુકી છ. બપોરના સમયે ગરમીની અસર વધતા માર્ગો સુમસામ બની રહ્યા છે.

# વ્હેલ શાર્ક ૭ હજાર કિમીની દરિયાઈ સફર ખેડવા સક્ષમ

**મહાત્મા મંદિરે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં વ્હેલ શાર્કના સંરક્ષણ માટે સેટેલાઇટ આધારિત એલર્ટ સિસ્ટમની પ્રસ્તુતિ**

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ચાલી રહેલ સ્થળાંતર કરી જતા જીવોના સંરક્ષણ અંગેની આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સમાં વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા દ્વારા દુનિયાની સૌથી મોટી માછલી વ્હેલ શાર્કને બચાવવા તથા વેલ શાર્કના હુમલાથી માછીમારો સહિત નાગરિકોને પણ સાવચેત કરી શકાય તે હેતુથી એક સેટેલાઈટ આધારિત એલર્ટ સિસ્ટમનું મોડલ પ્રસ્તુત કરવામાં આવ્યું છે. આ સેટેલાઈટ આધારિત એલર્ટ સિસ્ટમની જાણકારી આપતો એક સેમિનાર પણ આ કોન્ફરન્સ દરમિયાન યોજવામાં આવ્યો છે.

વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના મરીન કન્વર્ઝેશન પ્રોજેકટના મેનેજર તથા અધ્યક્ષ સાજન જ્હોને જણાવ્યું છે કે અત્યાર સુધીમાં આઠ વ્હેલ શાર્ક માછલી પર આ એલર્ટ સિસ્ટમ લગાડી દેવામાં આવી છે. આ સિસ્ટમને કારણે વ્હેલ શાર્ક માછલી જ્યાં પણ સ્થળાંતર કરીને જાય છે તેના માઈગ્રેશન રૂટની ખબર પડે છે જેના કારણે તેના જીવનની ગતિવિધિ વિશે અભ્યાસ કરવાની તક તો સાંપડે છે પરંતુ તે સાથે સાથે તેના સંરક્ષણ માટે યોગ્ય પગલાં લેવામાં ઘણી મદદ મળી રહે છ. સેટેલાઈટ આધારિત આ એલર્ટ સિસ્ટમ એક ખૂબ નાનું ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણ છે જે વ્હેલ શાર્કના લોકેશન અંગે સેટેલાઈટ થકી જાણકારી આપે છે. આ ઉપકરણ બેટરી આધારિત છે જે અંદાજે એક વર્ષથી દોઢ વર્ષના ગાળા સુધી કાર્યરત રહે છે. જ્યારે કોઈ વ્હેલ શાર્ક માછલી માછીમારની જાળમાં ફસાય ત્યારે માછીમારો તેના રેસ્ક્યૂ માટે અમને જાણ કરતા હોય છે આ સમયે અમે આ ઉપકરણ તેના શરીરની ઉપલી પાંખ પર લગાડી દઈએ છીએ અને વ્હેલ શાર્કને ફરી




દરિયામાં છોડી દેવામાં આવે છે. હાલ આ પ્રોજેક્ટ ગુજરાતના દરિયાકાંઠેથી લઈ અને અરબી સમુદ્રને સાંકળી લેતો શરૂ કરવામાં આવ્યો છે. આ એલર્ટ સિસ્ટમને કારણે ખબર પડી શકે છે કે વ્હેલ શાર્ક માછલી અંદાજે છ થી સાત હજાર કિમી જેટલી દરિયાઈ સફર ખેડે છે. આ સિસ્ટમના કારણે ક્યારેક દરિયા કિનારા તરફ ધસી આવતી વ્હેલ શાર્ક માછલીને અનુલક્ષીને માછીમારો તથા નાગરિકોને સલામત રહેવા સાવચેત કરી શકાય છે. જે વ્હેલ શાર્કને આ સિસ્ટમ લગાડવામાં આવી છે તે ગુજરાતના દરિયા કિનારાથી લઈને લક્ષદીપ, માલદીવ, શ્રીલંકા, સોમાલિયા તેમજ અરબની ખાડી સુધીના વિસ્તારને આવરી લેતી દરિયાઈ સફર ખેડતી જોવા મળી છે. આ સિસ્ટમના કારણે વ્હેલ શાર્ક માછલી ના જીવન અંગે ઘણી બધી ઉપયોગી માહિતી પ્રાપ્ત થઈ રહી છે જે તેના સંરક્ષણ અને સંવર્ધન માટે ચોક્કસપણે ઉપયોગી બનશે.

# રાયસણ પેટ્રોલપંપ પાછળ આરએમસી પ્લાન્ટ પર ચાર શખ્સોએ ધમાલ મચાવી

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલા રાયસણ પેટ્રોલ પંપ સાર્થક હેવન ફલેટની પાછળની બાજુમા આવેલા આરએમસી પ્લાન્ટ આવેલો છે. આ પ્લાન્ટ પર ગતરોજ મોડી સાંજના સુમારે ચાર અજાણ્યા શખ્સો આવ્યા હતા. આ શખ્સોએ આવીને શ્રમિકોને લાફા તેમજ ધોકા વડે માર માર્યો હતો. તે ઉપરાંત હાથમાં રહેલા ધારીયા તેમજ ચપ્પા જેવા હથીયારથી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પ્લાન્ટ માલિકે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ગ્રીનસીટી ડી-૬૭ ખાતે ચિંતન અમૃતભાઈ પટેલ (ઉં.વ.૩૧) રાયસણ પેટ્રોલ પંપ પાછળના ભાગે સાર્થક હેવનની નજીક આરએમસીનો પ્લાન્ટ ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગતરોજ ફરીયાદી પોતાના ઘરે હતા ત્યારે પ્લાન્ટ પરથી ફોન આવ્યો હતો કે બાઈક લઈને ચાર શખ્સો આવ્યા છે અને અમારી સાથે મારઝુડ કરી રહ્યા છે. અને અમે તેઓને ઓળખતા નથી, જેથી તાત્કાલીક હુ મારી સાઈડ પર ગયો હતો. પરંતુ તેઓ મારીને ચાલી ગયા હતા. સાઈડ પર રહેલા શ્રમિકોને મોઢાના ભાગે તેમજ લાફા અને ધોકા વડે માર મારતા હુ નજીકમાં આવેલા મેડીકલ સ્ટોર પર દવા લેવા લઈ ગયો હતો. તે સમયે ફરીવાર ચાર શખ્સો ધારીયા તેમજ ચપ્પા જેવા હથીયાર લઈને આવેલા અને ડ્રાઈવર કયાં છે તેમ કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા ત્યારબાદ અમે પરત આવીને જોયુ તો ઓરડીનો દરવાજો તુટેલો હતો અને અંદર રહેલ સામાન વેર વિખેર હાલતમાં પડયો હતો. કારીગરો સાથે ઝઘડો કરનાર બાઈક નં. જી.જે.૧૮.એ. એલ.૪૦૪૪ હતો. બનાવ અંગે ચિંતન પટેલે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**લવ આજ કલ ૨૦૨૦**
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૫, ૧.૦૫, ૨.૦૫, ૩.૧૦, ૪.૧૦, ૬.૧૫, ૭.૧૫, ૯.૨૦, ૧૦.૨૦
**મલંગ**
૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૧.૦૦
**સ્ટ્રીટ ડાન્સર** - ૧.૦૦
**સફળતા ઝીરો કિમી** (ગુજરાતી)
૧૦.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**

**લવ આજ કલ ૨૦૨૦**
૧૧.૩૦, ૧.૦૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૩૦, ૭.૦૦, ૯.૩૦, ૧૦.૦૦
**મલંગ**
૩.૩૦, ૯.૩૦
**તાન્હાજી** - ૬.૩૦
**શિકારા** - ૧૨.૪૫
**સ્ટ્રીટ ડાન્સર** - ૧૨.૩૦
**અફરા તફરી (ગુજરાતી)**
૩.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૪૫
**સફળતા ઝીરો કિમી** (ગુજરાતી)
૯.૪૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**લવ આજ કલ ૨૦૨૦**
૯.૧૫, ૧૦.૧૫, ૧૧.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૧૫, ૩.૧૫, ૪.૧૫, ૫.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૮.૧૫, ૯.૧૫, ૧૦.૧૫
**મલંગ**
૧૦.૦૦, ૧.૨૦, ૭.૧૦, ૧૦.૦૦
**સ્ટ્રીટ ડાન્સર ૩**
૪.૧૦
**તાન્હાજી**
૧૦.૩૦
**સફળતા ૦ કીમી (ગુજરાતી)**
૯.૪૫
**અફરા તફરી (ગુજરાતી)**
૧૨.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**લવ આજ કલ ૨૦૨૦**
૯.૦૦, ૧૦.૧૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧.૧૫, ૧.૪૫, ૨.૪૫, ૪.૪૫, ૫.૪૫, ૭.૪૫, ૮.૪૫, ૧૦.૪૫
**મલંગ**
૯.૪૦, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦
**સ્ટ્રીટ ડાન્સર ૩**
૧.૦૫
**તાન્હાજી**
૧૦.૧૫
**સફળતા ૦ કીમી (ગુજરાતી)**
૪.૦૫
**અફરા તફરી (ગુજરાતી)**
૧૦.૦૦
**ચાલ જીવી લઈએ**
૧૨.૧૫

# સંત રોહિદાસ સેવા સમાજ દ્વારા ૧૩મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૮
સંત રોહિદાસ સેવા સમાજ ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાતના રોહિત સમાજનો ૧૩મો સમૂહ લગ્નોત્સવ તા. ૨૪ મેના રોજ ગાંધીનગર ખાતે યોજાશે. જે સંદર્ભે ઈચ્છુક વ્યકિતઓએ સંસ્થાના કાર્યાલય પરથી ફોર્મ મેળવી તા. ૨૫ એપ્રિલ સુધી સંસ્થામાં પરત કરવા તથા લગ્ન નોંધણી ફી બંને પક્ષ દીઠ ૧૮૦૦ રૂપિયા રખવામાં આવી હોવાથી તે નિયત સમયે ભરવા સંસ્થાના મંત્રી રમણલાલ મહેરિયા દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. અમિતકુમાર અમરસિંહ સોલંકી, ઉ.વ. ૫૦
- સ્વ. પ્રકાશજી જવાનજી ઠાકોર, ઉ.વ. ૩૦
- સ્વ. વાઘેલા અજીતસિંહ અર્જુનસિંહ, ઉ.વ. ૫૧
- સ્વ. વાળંદ સંતોકબેન મગનભાઈ, ઉ.વ. ૧૦૮
- સ્વ. ડાભી અજયસિંહ નટવરસિંહ, ઉ.વ. ૨૦
- સ્વ. લક્ષ્મીબેન મંગાજી ઠાકોર, ઉ.વ. ૯૨